# ગુજરાત યુનિવર્સિટી

પરિપત્ર : ૯૪

નં.પરીક્ષા/૪-અ/૪૫૬૫૬/૨૦૨૨
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ:૦૯,
તા.૦૧/૦૪/૨૦૨૩

આ યુનિવર્સિટી સાથે સંલગ્ન મેડીકલ કોલેજોના ડીન શ્રીઓ/ આચાર્ય શ્રીઓ/ પી.જી ડાયરેક્ટરશ્રીને જણાવવાનું કે, First MBBS (Supplementary) ની પરીક્ષા જે ૧૫/૦૪/૨૦૨૩ ના રોજ લેવાનાર હતી, તે પરીક્ષા ચાલુ થવાની તારીખ નીચે મુજબ છે. તેમજ ઇન્ટર્નલ માર્ક્સ મોકલવાની છેલ્લી તારીખ તથા આવેદનપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ નીચે મુજબ રાખવામાં આવેલ છે. જેની લગતા વળગતા સૌએ નોંધ લેવી.

| Sr. No | Exam | Course | Batch | Date of starting of exam and last date to submit internal marks | Last date to submit the exam form / dissertation to the University |
|---|---|---|---|---|---|
| 1 | I MBBS | --- | Supplementary | 28/04/2023<br>Friday | 18/04/2023<br>Tuesday |

૧. પ્રત્યેક કોલેજે ઇન્ટર્નલ માર્ક્સ ગુજરાત યુનિવર્સીટીની વેબસાઈટ ઉપર મુકેલ નિયત નમૂનામાં/ ઓનલાઈન જ મોકલવાના રહેશે. પરીક્ષા ફોર્મ પરીપત્રમાં જણાવેલ નિયત સમયમર્યાદા બાદ મોકલેલ ઇન્ટર્નલ માર્ક્સ ગણતરીમાં લેવામાં આવશે નહિ. લઘુતમ ઇન્ટર્નલ માર્ક્સ / હાજરીને કે અન્ય કોઈપણ નિયમોના કારણે જે વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા દેવાના નાં હોય તેની માહિતી અલગથી થીયરી પરીક્ષા શરૂ થવાના ૧૦ દિવસ પહેલા મોકલવાની રહેશે. પ્રત્યેક કોલેજે દ્વારા એક વખત જે ઇન્ટર્નલ માર્ક્સ મોકલવામાં આવ્યા હશે તેમાં પાછળથી કોઈપણ સંજોગોમાં ફેરફાર કરવામાં આવશે નહિ.

૨. આથી ખાસ નોંધ લેવી કે કોલેજના ડીનશ્રીઓ / આચાર્યશ્રીઓ દ્વારા જે ઇન્ટર્નલ માર્ક્સ યુનીવર્સીટી માં મોકલવામાં આવે છે તે માર્ક્સ જ વિદ્યાર્થીઓને બતાવવા માટે કોલેજના નોટીસબોર્ડ / વેબસાઈટ પર ફરજીયાતપણે મુકેલા હોવા જોઈએ. આ બાબતે વિદ્યાર્થીઓની ફરિયાદ હોય તો તેનું નિવારણ કરવાની તમામ જવાબદારી કોલેજ સત્તાવાળાઓની રહેશે. જો કોલેજ સત્તાવાળાઓને કોઈપણ સુધારો કરવાનો થતો હોય તો તે સુધારો કરીને પછી જ યુનિવર્સિટીને મોકલવાના રહેશે. જેથી પાછળથી ઇન્ટર્નલ માર્ક્સ સંબંધિત કોઈપણ પ્રકારની વિસંગતતા ઉભી ના થાય. એક વાર ઇન્ટર્નલ માર્ક્સ યુનીવર્સીટીમાં મોકલી આપ્યા બાદ એ સંબંધિત કોઈપણ પ્રકારની સુધારા બાબતની અરજી ગ્રાહ્ય રાખવામાં આવશે નહી તેની ગંભીર નોંધ લેવી.

૩. પોતાના ઇન્ટર્નલ માર્ક્સ ચેક કરવાની જવાબદારી જે-તે વિદ્યાર્થીની પોતાની રહેશે. ઇન્ટર્નલ માર્ક્સ બાબતે કોઈપણ વિદ્યાર્થીને ફરિયાદ જણાય તો તેની જાણ તાત્કાલિક કોલેજ સત્તાવાળાઓને કરવાની જવાબદારી જે તે વિદ્યાર્થીની રહેશે. જો કોલેજ ઓથોરોટી દ્વારા ઇન્ટર્નલ માર્ક્સ ડિસ્પ્લે ન કર્યા હોય કે વિદ્યાર્થીએ માર્ક્સ બાબતની ફરિયાદ કોલેજ ના વડાને કર્યા બાદ પણ કોલેજ દ્વારા ઇન્ટર્નલ માર્કસને લગતી ફરિયાદનું નિવારણ કરવામાં આવેલ ન હોય તો વિદ્યાર્થીએ ગુજરાત યુનિવર્સીટી ને તેની તાત્કલિક જાણ કરવાની રહેશે.પરંતુ જો કોઈપણ વિદ્યાર્થીએ પોતાના ઇન્ટર્નલ માર્ક્સ વેરીફાય કર્યા નહિ હોય અને

યુનિવર્સીટી પરીક્ષા પૂર્ણ થયા બાદ સુધારવા બાબતે અરજી કરશે તો યુનિવર્સીટી દ્વારા પાછળથી કોઈપણ સંજોગોમાં ઇન્ટર્નલ માર્ક્સ સુધારવામાં આવશે નહિ જેની ગંભીર નોધ લેવી.

૪. જે વિદ્યાર્થી રેગ્યુલર પરીક્ષામાં નાપાસ થયા બાદ જયારે રીપીટર તરીકે યુનિવર્સીટી પરીક્ષા આપે ત્યારે રીપીટર વિદ્યાર્થીઓ માટે પણ પ્રીલીમનરી પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરવો અને નોટીસ બોર્ડ પર મુકવો. કોઈ પણ રીપીટર વિધાર્થીએ  પ્રીલીમનરી પરીક્ષા આપવી હોય તો તે આપી શકશે અને ત્યારબાદ નવા ઇન્ટર્નલ માર્ક્સ  યુનિવર્સીટીને મોકલવા. પરંતુ જો કોઈ કિસ્સામાં જુના ઇન્ટર્નલ માર્ક્સ સારા હોયતો તે મોકલવાના  રહેશે (Best of two).  જો રિપીટર વિધાર્થી છેલ્લી પ્રીલિમિનરી પરીક્ષા ન આપે તો જૂના ઇન્ટર્નલ માર્ક્સ મોકલવાના રહેશે.

૫. આથી તમામ કોલેજના વડાને ખાસ જણાવાનું કે Council/ University ના લઘુતમ ઇન્ટર્નલ માર્ક્સ / હાજરી કે અન્ય કોઈપણ નિયમો ના કારણે જો કોઈ વિધાર્થીનું પરીક્ષા ફોર્મ રોકીને તેને જે-તે વિષયની પરીક્ષામાં બેસવા દેવાનો ન હોય તો તે અંગેની લેખિત જાણ વિધાર્થીને અને યુનીવર્સીટીને ઓછામાં ઓછા ૧૦ દિવસ પહેલા અચૂક કરવાની રહેશે. આવા કેટલાક કિસ્સાઓમાં સંસ્થા દ્વારા વિધાર્થીને પરીક્ષા ન આપવા દેવાની જાણ ન કરવાથી છેલ્લી ઘડીએ ચાલુ થીયરી પરીક્ષામાંથી યુનીવર્સીટી દ્વારા વિદ્યાર્થીને ઉઠાડવામાં આવતા વિદ્યાર્થી માનસિક આઘાત પામે છે, અને કોઈ અઘટિત પગલા ભરવાની શક્યતા રહે છે. આથી જે-તે સંસ્થા / વિષય / વિભાગના વડાએ આ પ્રકારના કિસ્સામાં ઓછામાં ઓછા ૧૦ દિવસ પહેલા વિદ્યાર્થીને મૌખિક અને લેખિત જાણ અચૂક કરવાની રહેશે અને આવી જાણ નહિ કરવામાં આવે તો તેની જવાબદારી જે-તે સંસ્થાના વડાની રહેશે.

૬. અનુસ્નાતક અભ્યાસક્રમો માટે ગુજરાત યુનિવર્સિટીએ જાહેર કરેલ ડેઝર્ટ્શન મોકલવાની છેલ્લી તારીખ બાદ કોઈપણ સંજોગોમાં ડેઝર્ટ્શન સ્વીકારવામાં આવશે નહી.

આ પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે અને તમામ વિધાર્થીઓને ધ્યાનમાં લાવવા જરૂરી કાર્યવાહી કરશોજી.

પરીક્ષા નિયામક

પ્રતિ,

<u>મેડીકલ કોલેજ:</u>

1) ડીનશ્રી, બી. જે. મેડીકલ કોલેજ, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ-૧૬
2) ડીનશ્રી, શ્રીમતી એન.એચ.એલ. મ્યુનિ. મેડીકલ કોલેજ, વી. એસ.હોસ્પિટલ કેમ્પસ, એલિસબ્રિજ, અમદાવાદ-૬
3) ડીનશ્રી,એ.એમ.સી. મેટ મેડીકલ કોલેજ. એલ.જી. હોસ્પિટલ, મણીનગર, અમદાવાદ
4) ડીનશ્રી, જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, સોલા,અમદાવાદ.
5) ડીનશ્રી, જી.સી.એસ. મેડીકલ કોલેજ, ચામુંડા બ્રીજ પાસે, ડી. આર. એમ. ઓફીસની સામે, સ્વદેશી મિલ કમ્પાઉન્ડ, નરોડા રોડ અમદાવાદ.
6) ડીનશ્રી, જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, ગાંધીનગર.
7) ડીનશ્રી, ડૉ. એમ, કે, શાહ, મેડીકલ કોલેજ, અને રીસર્ચ સેન્ટર, વિસત-ગાંધીનગર હાઈવે, તપોવન સર્કલની બાજુમાં, ચાંદખેડા, અમદાવાદ-૩૮૨૪૨૪
8) ડાયરેક્ટરશ્રી, પી.જી. સ્ટડીઝ એન્ડ રિસર્ચ, બી.જે.મેડીકલ કોલેજ, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ-૩૮૦૦૧૬